પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૨૩ | ૧૩ જુલાઈ, ૨૦૨૨, બુધવાર; અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હવે, નવસારી જિલ્લામાં મેઘતાંડવ

**સુરત જતો માર્ગ બંધ કરાયો : નીચાણવાળા વિસ્તારોમાં ૨૦૦૦થી વધારે લોકોનું સ્થળાંતર કરાયુ : હાલ હિદાયત નગર, ગધેવાન, રિંગ રોડ, રંગુન નગર, કશિવાડી, મીઠીલાનગરી, શાંતદેવી, બંદરરોડ જેવા નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ભરાયા છે**







નવસારી,તા.૧૧

ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદને કારણે નવસારી જિલ્લાનું જનજીવન ખોરવાયું છે. જિલ્લાની પૂર્ણા નદીએ મંગળવારે સવારે ૨૮ ફૂટની સપાટી વટાવી દીધી હતી. નદીની ભયજનક સપાટી ૨૯ ફૂટ છે. બીજી તરફ નદીની સપાટી વધતા નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણા ઘૂસી ગયા છે. બીજી તરફ પૂર્ણા નદીના બ્રિજ ઉપરથી અવરજવર બંધ કરવામાં આવી છે. તકેદારીના ભાગરૂપે નવસારી અને સુરત વચ્ચેનો માર્ગ બંધ કરવામાં આવ્યો છે. હાલ શહેરના હિદાયત નગર, ગધેવાન, રિંગ રોડ, રંગુન નગર, કશિવાડી, મીઠીલાનગરી, શાંતદેવી, બંદરરોડ જેવા નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ભરાયા છે. એક રિપોર્ટ પ્રમાણે શહેરમાં બે ફૂટથી લઈને ૧૫ ફૂટ સુધી ભરાયા છે. નવસારી જિલ્લામાં અંબિકા, કાવેરી અને પૂર્ણા નદીમાં ઘોડાપૂરની સ્થિતિ છે. જેના પગલે એનડીઆરએફ તરફથી હાલ નીચાણવાળા વિસ્તારોમાં ૨૦૦૦થી વધારે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ખાસ કરીને પૂર્ણા નદી જો ભયજનક સપાટી વટાવશે તો વિનાશ વેરશે. રાજ્યમાં વરસાદની આપદાને પહોંચી વળવા માટે એનડીઆરએફની વધુ પાંચ ટીમે તૈનાત કરી દેવામાં આવી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં પડી રહેલા અત્યંત ભારે વરસાદને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે ગુજરાતમાં એનડીઆરએફની વધુ પાંચ ટીમ મોકલી છે. નવી પાંચ ટીમમાંથી નવસારી, તાપી, સુરત, ભરૂચ અને વડોદરામાં ૧-૧ ટીમ ફાળવવામાં આવી છે. આ સાથે રાજ્યમાં એનડીઆરએફની હવે કુલ ૨૩ ટીમે તૈનાત છે. આ પહેલા રાજ્યમાં ૧૮ ટીમ તૈનાત હતી. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં પડેલા વરસાદના આંકડા જોઈએ તો રાજ્યના ૨૪૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધારે વરસાદ નર્મદા જિલ્લાના ડેડિયાપાડામાં ૫૩૪ એમ.એમ. નોંધાયો છે. નર્મદાના તિલકવાડામાં ૫૦૮ એમ.એમ., ઉમરપાડામાં ૪૨૭ એમ.એમ., સાગબારામાં ૪૨૨ અને કપરાડામાં ૪૦૧ એમ.એમ. વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૩૩ તાલુકામાં ચાર ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૧ તાલુકા એવા છે જેમાં ૧૦ ઈંચ કરતા વધારે વરસાદ ખાબક્યો છે. ૮૪ તાલુકા એવા છે જ્યાં બે ઈંચથી વધારે વરસાદ પડ્યો છે. ૧૩૮ તાલુકામાં એક ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે.

રાજ્યના અનેક જિલ્લાઓ અને તાલુકાઓમાં મેઘ મહેર જોવા મળી રહી છે.ત્યારે નવસારીમાં પણ છેલ્લા એક સપ્તાહથી અતિ ભારે વરસાદ વરસી રહ્યો છે જેને લઈને નવસારી શહેરના તમામ વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે.દાબુ હોસ્પિટલની પાછળના વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે.જ્યારે અવિરત વરસાદને કારણે પૂર્ણા નદીમાં પૂર આવતા પાણી ઘરોમાં ઘુસ્યા છે.વર્ષોની સમસ્યાથી લોકોને દર વર્ષે અનેક નુકસાન થાય છે.લોકોના ઘરોમાં પાણી ઘુસી જતાં ઘરવખરી પલળી જતાં લોકોને ભારે નુકસાન થયું છે.

નવસારીમાં ભારે વરસાદને કારણે પૂર્ણા નદીમાં પૂરની સ્થિતિ ઊભી થઈ છે. ધોધમાર વરસાદના

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં હજુ બે દિવસ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૨

રાજ્યમાં હજુ ૨ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૩ દિવસ બાદ વરસાદનું જોર ઘટશે. રાજ્યમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. અનેક ગામ સંપર્કવિહોણાં થયાં છે. નદી-નાળાં છલકાઈ ગયાં છે. ત્યારે રાજ્ય માટે આગામી બે દિવસ ભારે છે. આગામી બે દિવસમાં રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ભરૂચ, છોટાઉદેપુર,નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહીથી રેડ એલર્ટ આપવામાં આવ્યું છે જ્યારે અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. રાજ્યના ૧૧ જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી ૨૪ કલાકમાં ૧૪ જિલ્લાઓમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. જેમાં પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, આણંદ અને વડોદરામાં ધોધમાર વરસાદ ખાબકશે.

## રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉદ્ધવ દ્રોપદી મુર્મને સમર્થન કરશે

**શિવસેનાના સાંસદ સંજય રાઉત વિપક્ષના ઉમેદવાર યશવંત સિન્હાના પક્ષમાં અને શિવસેનાના અમુક સાંસદ દ્રૌપદી મુર્મૂનુ સમર્થન કરી રહ્યા હતા**

મુંબઈ,તા.૧૨

રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરે એનડીએઉમેદવાર દ્રૌપદી મુર્મૂને સપોર્ટ કરે તેવી શક્યતા છે. ઉદ્ધવ ઠાકરેનો આ નિર્ણય ચોંકાવનારો છે કેમ કે શિવસેનાના સાંસદ સંજય રાઉત વિપક્ષના ઉમેદવાર યશવંત સિન્હાના પક્ષમાં હતા. શિવસેનાના અમુક સાંસદ દ્રૌપદી મુર્મૂનુ સમર્થન કરી રહ્યા હતા. સૂત્ર અનુસાર ઉદ્ઘવ ઠાકરે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને સપોર્ટ કરવા તૈયાર થઈ ગયા છે. તેમણે સંજય રાઉતની વાતને ન માનીને પાર્ટીના સાંસદોની વાત માની છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે શિવસેનાની બેઠક થઈ હતી. જેમાં પાર્ટીના ૧૯માંથી માત્ર ૧૧ સાંસદ પહોંચ્યા હતા. જેમાંથી મોટાભાગના સાંસદોએ ઉદ્ધવ ઠાકરેને અપીલ કરી હતી કે તેઓ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દ્રૌપદી મુર્મૂનુ સમર્થન કરે. સંજય રાઉતનુ કહેવુ હતુ કે શિવસેનાએ યશવંત સિન્હાને સપોર્ટ કરવો જોઈએ. જે મુદ્દે આખરે નિર્ણય ઉદ્ધવ ઠાકરેએ જ લેવાનો હતો. હવે જ્યારે દ્રૌપદી મુર્મૂના સમર્થનવાળી વાત સામે આવી ગઈ છે તો આની પર સંજય રાઉતનુ નિવેદન પણ આવી ગયુ છે. તેમણે કહ્યુ, દ્રૌપદી મુર્મૂને સમર્થન કરવાનો અર્થ બીજેપીને સમર્થન કરવાનો નથી. શિવસેનાના યશવંત સિન્હા સાથે સારા સંબંધ છે પરંતુ લોકોની ભાવનાઓનો પણ ખ્યાલ રાખવો જોઈએ. શિવસેના ઘણીવાર આવા નિર્ણય લે છે.

## જામીન પ્રક્રિયાને સરળ બનાવવા સુપ્રીમનું સૂચન

નવી દિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને જામીન પ્રક્રિયાને સરળ બનાવવા માટે નવો કાયદો લાવવા માટે સૂચન કર્યુ છે. જામીનની શરતો પુરી નહી કરી શકતા જેલમાં રહેલા આરોપીઓની જેલમુક્તિની પ્રક્રિયા સરળ બનાવવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ખાસ કાયદો લાવવા કે પછી વર્તમાન કાયદામાં સુધારા કરવા માટે આદેશ આપ્યો છે.

જસ્ટિસ એસ કે કૌલ અને જસ્ટિસ એમ એમ સુંદરેશની બેન્ચે કહ્યુ કે ભારતની જેલોમાં અન્ડરટ્રાયલ કેદીઓની ભરમાર છે.

અમારી સામે મૂકવામાં આવેલા આંકડાઓથી સંકેત મળે છે કે જેલમાં બે તૃતીયાંશ કરતા વધારે કેદી અન્ડરટ્રાયલ છે.

સુપ્રીમ કોર્ટે એ પણ જણાવ્યું કે તપાસ એજન્સી અને તેના અધિકારી ફોજદારી પ્રક્રિયાની ધારા ૪૧ એ મુજબ આરોપીને પોલીસ સમક્ષ હાજર થવા નોટીસ આપે તે જરૂરી છે અને તેનું પાલન થવું જોઈએ.

સુપ્રીમ કોર્ટે દેશની તમામ હાઈકોર્ટને પણ તેમના અધિકાર

● અનુસંધાન પાન-૭ પર

## કેરળમાં આરએસએસની ઓફિસ પર બોમ્બ ઝીંકાયો

**બિલ્ડિંગની બારીનાં કાંચ તૂટ્યા : કન્નૂર જિલ્લાના પય્યાનુરની ઘટનાથી ખળભળાટ : આ ઘટનામાં હાલ કોઈ પણ પ્રકારની જાન-હાનિ નથી થઈ, આ હુમલો કોણે અને કયા ઈરાદાથી કર્યો ? અત્યાર સુધી તેના વિશે કોઈ માહિતી નથી મળી**



કન્નૂર,તા.૧૨

કેરળના કન્નૂર જિલ્લાના પય્યાનુરમાં આરએસએસ ઓફિસ પર બોમ્બ ફેંક્યા બાદ વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. ફેલાઈ ગઈ છે.

પય્યાનુર પોલીસના જણાવ્યા પ્રમાણે આ ઘટના આજે સવારે બની હતી. આ હુમલામાં બિલ્ડિંગની બારીના કાચ ટૂટી ગયા હતા. આ ઘટનાની આગળની તપાસ ચાલું છે. આ ઘટનામાં હાલ કોઈ પણ પ્રકારની જાન-હાનિની ખબર નથી આવી રહી. આ હુમલો કોણે અને કયા ઈરાદાથી કર્યો? અત્યાર સુધી તેના વિશે કોઈ માહિતી નથી મળી. પોલીસ તમામ સ્તરે તપાસ કરી રહી છે.

આ ઘટના પર ભાજપના ટોમ વડક્કને ટિપ્પણી કરતા લખ્યુ કે, આ ચોંકાવનારી અને દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે કે, કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ સામાજિક સંગઠનો પર બોમ્બ ફેંકવાના સ્તર સુધી વણસી ગઈ છે. તે નાગરિક સમાજમાં સ્વીકાર્ય નથી. આ અગાઉ પણ આરએસએસ કાર્યકર્તાઓ પર હુમલા થયા છે. આ પ્રકારની કાયદા-વ્યવસ્થાની સ્થિતિનો ટૂંક સમયમાં સામનો કરવો પડશે. તેના માટે પોલીસ અને રાજ્ય તંત્ર જવાબદાર છે.

ટોમ વડક્કને કહ્યું કે, પોલીસની મિલીભગત ખૂબ જ ખતરનાક છે. એવા ઉદાહરણ છે જ્યાં પોલીસ સ્ટેશન ૧૦૦ મીટર અંતરે હોય તો પણ કંઈ નહીં થાય. ખાસ કરીને કન્નુર જેવા સંવેદનશીલ જિલ્લામાં ઓફિસોને સુરક્ષિત રાખવાની જરૂર છે. એવું નથી કરવામાં આવ્યું. બેદરકારી સાથેની મિલીભગત. મને આ કહેતા દુઃખ થાય છે. રાજ્ય સરકારને રાજ્યમાં કોઈપણ રાજકીય કાર્યાલયને નુકસાન માટે રાજ્ય સરકારને જવાબદાર ગણવામાં આવશે.

